# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## જાહેર સુચના

ભારત સરકારશ્રીની “નલ સે જલ” યોજના અંતર્ગત ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક નંબર; પરચ/૧૦૨૦૧૯/૧૫૭૭/ધ/તા.૨૬/૦૮/૨૦૨૦ અનુસાર તમામ શહેરી વિસ્તારોમા પીવાના પાણીનો પુરવઠો દરેક ઘરમા ટેપ વોટરથી મળે તે માટે નિતી જાહેર કરેલ છે.

સદર નિતી અનુસાર વડોદરા શહેરના તમામ રહેણાંકના નાગરીકોને જણાવવાનુ કે વ.મ્યુ.કોના જે વિસ્તારમા ડ્રેનેજ અને પાણીના નેટવર્ક ઉપલબ્ધ હોય તેવા વિસ્તારોમાં જે નાગરીકો ધ્વારા કોઇ પ્રક્રિયા વગર કે નિયત ફી ભર્યા વગર ગેરકાયદેસર સીધા પાણી/ડ્રેનેજના જોડાણ લેવામાં આવેલ હોય તેવા તમામ નાગરીકોને ચાર્જ રૂ.૫૦૦/-ની રકમ પ્રતિ કનેકશન ભરી કનેક્શનોને રેગ્યુલરાઇઝ/કાયદેસર કરાવવા અર્થે જણાવવામાં આવે છે. જે અંગે વ.મ્યુ.કો મા ડ્રેનેજ અને પાણીના કનેક્શન અંગેના નિયત કરેલ ચાર્જીસ/લાગતો સંલગ્ન વોર્ડમાં અલગથી ભરવાના રહેશે. સદર યોજના તા.૧૫/૦૨/૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

તેમજ વધુમાં જણાવવાનું કે વડોદરા મહાનગરપાલિકા હદવિસ્તાર જે કોઇ વ્યકિત જાહેર પાણી વિતરણ વ્યવસ્થામાંથી સત્તામંડળ તરફથી અધિકૃત્ત જોડાણ મેળવ્યા સિવાય પાઇપ જોડીને અથવા તેનું જોડાણ કરીને અથવા અન્ય કોઇ રીતે જોડાણ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઇ પણ હેતુ માટે પાણીનો ઉપાડ કરે તો ”ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ,૨૦૧૯ તા.૨૨/૦૮/૨૦૧૯” ની અનુસૂચિ-૧ માં નિર્દિષ્ટ જોગવાઇ મુજબ દંડ/શિક્ષાને પાત્ર થશે. આથી સરકારશ્રીની “નલ સે જલ” યોજના અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા હદવિસ્તારોમાં ગેરકાયદેસર કનેક્શન ધરાવતાં ઇસમ/સંસ્થા વિગેરેએ પાણીના કનેક્શન કાયદેસર કરાવવા અર્થે તા.૧૫/૦૨/૨૦૨૨ સુધીમાં સંલગ્ન વોર્ડ ઓફિસ ખાતે સંપર્ક સાધી વધુમાં વધુ લાભ લેવા વિનંતી છે.

પી.આર.ઓ.નં. /૨૦૨૦-૨૧ મ્યુનિસિપલ કમિશનર